# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

કુદરતના કેરની કારમી પસ્તાળ પડે છે,
બતાવે નેતાઓ ઝાડવાં ઉંચા ને ખેડૂ ચડે છે,
નડે છે લોકમર્યાદા સમાજની, છોડે છે સંસાર
કારણરૂપ બધા મગરમચ્છો પછી રડે છે..

હાઈકુ

રાત ના પણ -
ડબ્બું ચાલુ હોય તો -
'કર લો બાત'
(BSNL ની જાળ)

થઇ ખાયકી -
'શૌચાલય'માંથી યે -
સૂત્ર ન ચડી?!
(૧૬ - સંડાસીયા - વંદા)

## ચિંતન

**જડેષુ જાત પ્રતિભા ભિમાનઃ ખલાઃ કવીન્દ્રેક્તિષુ કે વરાકાઃ ।**
**પ્રાપ્તાગ્નિ નિર્વાપણગર્વમમ્બુ રત્નાં કુરજ્યોતિષિ કિં કરોતિ ॥**

'પાણી ને અભિમાન આવ્યું છે કે તે ગમે તેવા અગ્નિને ઓલવી શકે છે, પરંતુ તે રત્નરુપી અંકુર જેવા પ્રકાશની જયોતિ જેવાં કિરણોને કંઇ જ નૂકશાન પહોંચાડી શકતું નથી.' એવી જ રીતે એવા જડ - કવિ - સાહિત્યકાર એમ સમજતા હોય છે કે અમે બધું જ જાણીએ અને સમજીએ છીએ પરંતુ મહાકવિઓ ની ગૂઢ રચનામાં શું સમજે છે?'

સાહિત્ય ક્ષેત્રે વિસ્તાર, ઓળખાણ, સંબંધો, એકમેકનો લાભ, કામર્શિયલ પ્રકાશકોનું લોભી-લાલચી વર્તુળ પોતાનો કબ્જો જમાવી બેઠું છે. પોતાના નેટવર્કમાં પોતે પ્રકાશિત કરેલાં પુસ્તકો વેંચાય ખાનગી-લેખક-પ્રકાશન કરે એનાં ઉત્તમ પુસ્તકો પણ બિચારાં વેંચાણ વિના ઘરજમાઇ થઇ જાય. અહીં દૃષ્ટાંત આપ્યું છે 'પાણી' ને મનમાં અભિમાન આવ્યું કે પોતે ગમે તેવો અગ્નિ-દાવાનળ પોતાની શક્તિથી હોલવી શકે પણ સાચા મણિનું તેજ-પ્રકાશ અગ્નિને એ ઓલવી શકતું નથી. એ તો પોતાની શક્તિ દ્વારા જ પ્રકાશિત થાય જ છે.

## સુવિચાર

- 'હું' - 'તું' ની વચ્ચે નો સંઘર્ષ એટલે સંબંધોમાં તનાવ **- એસ. ભટ્ટાચાર્ય**
- વાતચીત કરવી, સંવાદ કરવો, એકબીજાની લાગણી વહેંચવી, એક બીજાની તકલીફ કે એકબીજાના સુખોમાં હાજર રહેવું આજના જમાના માટે જરુરી મહત્ત્વની બાબત બની ગઇ છે **- ક્રાંતિ ભટ્ટ**
- 'હું ન બોલ્યો હોત તો સારું થાત' એમ વિચારવાને બદલે 'હું ન બોલ્યો તે સારું થયું'નો સંતોષ વધુ મહત્ત્વનો છે **- મોરારિ બાપુ**
- વિતેલા દિવસોનું સુખ ખરેખર તો આપણી ફિક્સ ડિપોઝીટ હોવી જોઇએ, જે સમય જતા વધતું રહેવું જોઇએ **- કાજલ ઓઝા વૈદ્ય**
- જવાબદારી એ પ્રત્યેક સજીવના જીવનનું અભિન્ન અંગ છે, એમાંથી છટકવું એટલે જીવનને નકારવું **- સંત રોબિન**
- માનવ સંબંધો મોટાભાગે અરિસા જેવા હોય છે.. તમે જે જીવો કે વિચારો તે જ સામેની વ્યક્તિના વર્તનમાં પ્રતિબિંબિત થતું દેખાય છે **- શ્રી શ્રી રવિશંકર**
- જેને સત્યનો અનુભવ થઇ ગયો અને સત્યના રહસ્યને પ્રગટ કરવા માટે શબ્દોના આડંબરની જરુર પડતી નથી **- તુકારામ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

શંકાશીલ, અનિર્ણાયક અને પૂર્વગ્રહથી પીડાતા માણસો સતત પોતાને કમનશીબ અને દુઃખી જ માનતા હોય છે જયારે નિખાલસ, હસમુખા અને બુદ્ધિમાન લોકો ધનિક ન હોવા છતાં નસીબવંતા જ સમજે છે.

રિચાર્ડ વાઇસ નામના માનસશાસ્ત્રીએ આવા બે પ્રકારના ૫૦-૫૦ માણસોને ભેગા કરી એક પ્રયોગ કરી આ વાત સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો.

બધાને એક વર્તમાન પત્ર આપવામાં આવ્યું અને કહ્યું. આ વર્તમાનપત્રમાંથી તમને ફાયદો થાય એવા એક સમાચાર શોધી કાઢો..

એક જા.ખ. વચ્ચે નાના ચોકઠામાં સમાચાર હતા. કે આ ચોકઠાંની વિગત તમે વાંચી છે એ રિચાર્ડ ને બતાવશો તો તમને દસ ડોલર ઇનામ મળશે'

નસીબદાર પચાસે વ્યક્તિને ઇનામ મળ્યું - કમનસીબે માનનારા કોઇનું ધ્યાન એ ચોકઠાં પર ન ગયું.'

આમા નશીબ નહીં પણ જે લોકો પોતાને દુઃખી અને અનિર્ણાયક માનતા હોય છે એ સદા ઉતાવળમાં વ્યગ્ર રહે છે અને સામે આવેલી તકને જોઇ - ઓળખી સમજી શકતા નથી. જયારે શાંત પ્રકૃતિવાળા સમજુ લોકો સ્થિરમન સાથે પરિસ્થિતિ વાંચે છે અને નિર્ણય કરી શકે છે.

નસીબદાર-કમનસીબ થવું આપણા જ હાથમાં છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# 'મા-બાપને ભૂલશો નહી...' મનોરંજન સાથે માર્વેલસ મેસેજના નાટકનો ૬૦મો શૉ

## ગુજરાત રાજય સંગીત અકાદમી દ્વારા 'મા-બાપને ભૂલશો નહી' નાટકમાં શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મેળવનાર હસમુખ મેકવાનનો એમનાં ૬૦માં જન્મદિવસ અને એમનાં આ જ નાટકના ૬૦માં નાટ્ય પ્રયોગના સુભગ સમન્વયની ઘડીને સિનિયર સિટીઝન કાઉન્સીલે વધાવી લીધી




'ભૂલો ભલે બીજું બધું મા-બાપને ભૂલશો નહી, અગણિત છે ઉપકાર એમના એ વિસરસો નહીં' બેક ગ્રાઉન્ડ સાથે નાટકની શરુઆત થાય છે... બાળ કલાકાર સંજૂને એના બૂટ, સ્કૂલ બેગની સેવા સાથે દાદા રમણલાલ સ્કૂલે મૂકવા જાય છે... રમણલાલ નિવૃત્ત બેંક અધિકારી છે. એમના પત્ની કાન્તા સ્વર્ગે સિધાવી ગયા છે. દીકરો શૅર માર્કેટનાં રવાડે ચડી લાખના બાર હજાર કરવાની નોબત પર છે... તેની લવ મેરેજ કરીને લાવેલી પત્ની મોહિની બ્યુટી પાર્લરમાં વ્યસ્ત રહી ઘરની ડ્યુટી ભૂલી રહી છે... નાટકનાં એના પાત્રો અને માવજતથી એકધારું વહેતું જાય છે.

રમણલાલને હાર્મોનિયમ વગાડવાનો શોખ છે અને સરસ ગીતો ગાઈ છે... રમણલાયના મિત્ર શ્રેયાંસ મોદી એમના સુખ-દુઃખનો સાથીદાર છે.. મોહિનીને બ્યુટી પાર્લરના બિઝ્નેશ માટે પાંચ હજારની જરુર પડે છે અને નવરોધૂપ પત્ની પિતા રમણલાલ પાસે ફોસલાવીને - પટાવીને - રુપિયા કઢાવી લે છે... આ બધામાં નાટકને ભારે બનતું અટકાવવાં એમાં નોકર તરીકે મજનુ છે જે એના ડ્રેસિંગ અને ડાયલોગથી વાતાવરણ હળવુંફૂલ બનાવી રાખે છે... મજનું એની સુંદર પ્રેયસી લૈલાને આમના ઘરનાં નોકરાણી તરીકે લાવે છે. એનાં લટકાં-ઝટકાંથી સુંદર આકર્ષાય છે... અહીં લૈલા-મજનું વચ્ચે ઇલુ-ઇલુ ગીત ગાઈ છે જે જામી રહે છે...

સુધીર અને મોહિની રમણલાલને પાગલ બનાવવાનો પ્લાન કરે છે, પણ તેઓ એમનાં લપેટમાં આવતાં નથી.. સુધીરને શેરમાર્કેટમાંથી ટીપ્સ મળે છે અને ટૂંકા ગાળામાં વધુ પૈસા કમાઇ લેવા માંગે છે... એ પપ્પાને શૅરમાર્કેટમાં ફાયદા સમજાવે છે, ત્યારે રમણલાલ કહે છે કે, 'શૅરમાં કમાયાં કેટલાં એનાં બદલે કેટલાં ગળે ફાંસો લટક્યા એ પણ કહેને' સાથે એને ટોકે છે, ત્યારે ઘણી રકઝક બાદ રમણલાલ અને 'શૅરના અર્થતંત્રમાં આપણાં ઘરનું અર્થતંત્ર ખોરવાઈ જશે.' સાથે રુપિયાની સ્પષ્ટ ના પાડી દે છે...

સુધીર એના મિત્ર અંશ પાસે રૂપિયા ઉધાર માગે છે, અંશ એને મહિનાની મુદત પર રુપિયા ધરી દે છે. અંશ જયારે સુધીરના ઘરે આવે છે ત્યારે મોહિનીને જુવે છે, મોહિની અને અંશ એક જ કૉલેજમાં સાથે ભણેલાં છે, અને તેઓ તેમની કૉલેજની વાતોને વાગોળે છે... અંશને મોહિની માટે વિકાર જાગે છે... મહિનાની મુદત વિતવાં છતાં સુધરી પૈસા ન ચુકવી શકતાં અંશ સુધીરનાં ઘરે ઉઘરાણી શરુ કરે છે, અને સુધીરની ગેરહાજરીમાં એ મોહિની સાથે સોદો કરવા માંગે છે... મોહિની એની ડિમાંડ પુરી કરવાની ના પાડતાં એ એનાં પર બળાત્કાર કરવાનો પ્રયાસ કરે છે, અને ત્યાં રમણલાલ આવી મોહિનીને બચાવે છે અને પચાસ હજારનો ચેક આપી અંશને તગેડી મૂકે છે...



આ પ્રસંગ પહેલાં સુધીર અને મોહિનીએ એમનાં ઘરને વેચવાનો અને ભાગ પડાવવાનો પ્લાન કર્યો હોય છે, જે શ્રેયાંસ મોદી દ્વારા રમણલાલને ખબર પડે છે... રમણલાલ - પુત્ર સુધીર અને મિત્ર મોદી વચ્ચે થયેલાં પરિવારની ગેપના સંવાદો અને દલીલો ચોટ સભર બની રહે છે... મોહિની એના પતિને એની ઈજ્જત બચાવ્યાની વાત કરે છે. અહીં રમણલાલ પૌત્રને સ્કૂલમાં ગીત સ્પર્ધા માટે ગીત શિખવાડે છે... આ પહેલાં ઘરમાં બે ભાગલાં પડ્યાં હોય છે... રમણલાલ નોકર લૈલા - મજનુંને એમનાં લગ્નનાં આશિર્વાદ આપી હનીમૂન માટે મોકલી આપે છે...

આ બાજુ મોહિની અને સુધીરનું હૃદય પરિવર્તન થઈ જાય છે... રમણલાલ પૌત્ર સંજુને સ્કૂલે લેવા જાય છે... ત્યાં માર્ગ અકસ્માત થાય છે.. એમના મિત્ર મોદી એમને ઘરે લાવે છે, પિતા-પુત્ર વચ્ચે સમાધાન કરાવીને નાટકનો સુખદ અંત આવે છે.. આજકાલ સૌના પરિવારમાં બનતી ઘટનાનો ચિતાર આ નાટકમાં અદ્દ્ભૂત ઝિલાયો છે એટલે જ આ નાટક એનાં ૬૦ શૉ સુધીની મજલ કાપી શક્યું છે... સંવેદનાની સાથોસાથ મનોરંજક અને ગીત-સંગીત સાથે માત્ર નાટ્ક ઉપદેશક ન બની રહેતાં માણવા લાયક બન્યું છે...

સાગર અકાદમીનું સામાજિક પારિવારિક નાટક 'મા, બાપને ભૂલશો નહિ' નો આજનો ૬૦મો શૉ હતો. આ નાટકના કલાકાર હસમુખ મેકવાનનો આજ દિવસે ૬૦મા જન્મદિવસનો યોગાનુયોગ હતો...

હિંમતનગર જેવાં મેટ્રો સિટીથી ઘણાં નાના એવા શહેરમાં આ નાટકનું સર્જન, આ નાટકના લેખક - દિગ્દર્શક ભરત વ્યાસની મહેનત ઉડીને આંખે વળગે એવી છે અને એટલે જ આ સર્જકને ગુજરાતનો ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયેલો છે... નાટકનો મુખ્ય નાયક 'સુધીર' જયપ્રકાશ જોષીને પત્નીથી દબાતો - પિતાની નફરત કરતો કે કામવાળીને કતરાતી નજરે જોતો બધાંમાં સાહજીક રહ્યો છે... 'સંજુ' - કથન સુતરીયાએ દાદાજી સાથે આત્મીયતા સાધીને યોગ્ય રોલ અદા કર્યો... 'મોહિની' - ભારતી ખંડાગળે એટલે સૉપ ઓપેરામાં આવતી હિરોઈન જેવી - ખટપટ અને કાવાદાવાના અભિનયમાં સરસ તો અમુક સીનમાં ઓવર એક્ટિંગ લાગી...

વિલનના રૉલમાં રોલા મારતો 'અંશ' - મહેન્દ્ર પ્રજાપતિ નાટકમાં ખોફ જમાવવા દમદાર રહ્યો... હજી એનું એક નવું નાટક આવી રહ્યું છે. એનો પ્રોમો પણ બતાવ્યો... મહેન્દ્ર પ્રજાપતિને જયારે માઈક મળ્યું ત્યારે એ વધારે પડતાં હાવી રહ્યાં, સમય-મર્યાદામાં રહે તો સાંભળવો ગમે કલાકાર છવાઈ જવાનો પ્રયત્ન કરે ત્યારે શ્રોતાઓની નજરમાંથી ઉતરી જતો હોય છે... 'મજનું' - મહેશ પંડ્યા એ ખરેખર રમેશ મહેતા જેવાં જ લાગ્યા, ટાઈમિંગ સરસ હતું 'લૈલા' નિધી ઉપાધ્યાય ચણિયા ચોળીથી મોર્ડન ડ્રેસ, અને એનાં નખરાળાં અભિનયથી સ્ટેજ અને ઓડિયન બધાંના આકર્ષણનું કેન્દ્ર બની રહી...

'રમણલાલ જોશી' - વસંત સોની, આ નાટકનું સૌથી સફળ કેરેકટર આ વસંત સોની એ અભિનય નથી કર્યો પણ જાન અને જાત રેડી છે, બબ્બે વખત સાચુંકલું રડી પહેલાં આ કલાકારે સાચ્ચે જ પાત્રને જીવી જાણ્યું છે. એમનાં અભિનય અને સહકારથી અન્ય પાત્રોને જીવી જાણ્યું છે, એમના અભિનય અને સહકારથી અન્ય પાત્રોની ઉણપ ઢંકાઈ જાય છે... સંગીત શ્રીરામ ભટ્ટ, પ્રકાશ - અરવિંદ પટેલ, મેકઅપ - ગફુર શેખ, સેટીંગ્સ - ક્રિષ્ના પંચાલ-નરેશ, નાટ્ય નિર્માણ કામાક્ષી વ્યાસ... બધાંની યુનિટીથી જ આ નાટકનું આયુષ્ય લંબાયું છે અને એટલે જ આટલા શૉ બાદ પણ કલાકારો અને પ્રેક્ષકોનો ટેમ્પો જાળવી શક્યું છે...

'મા બાપને ભૂલશો નહી'નું એક મહત્ત્વનું પાત્ર શ્રેયાંસ મોદી એટલે આપણાં ગાંધીનગરનાં પોતીકા કલાકાર હસમુખ મેકવાન.... નાટકનાં મિત્ર અને પિતા-પુત્ર માટે સમાધાન કરાવનાર તરીકે બિલકુલ મેચ્યોર્ડ અભિનય આપીન જામી જાય છે... આ નાટક અને આ પાત્ર માટે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા ૨૦૦૯માં હસમુખ મેકવાનને શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો હતો... ૨૫ જેટલી ટી.વી. સિરીયલો, ટેલી ફિલ્મો, ડોક્યુમેન્ટ્રી ડ્રામા, ફિલ્મોમાં અભિનય કર્યો છે...

ગુજરાતી ટીવી સિરીયલ એક ડાળનાં પંખી, સરપ્રાઇઝ, તુલસી કયારો, ઘરમાં એકલું લાગે છે, શ્વેતાનો સ્વયંવર... લાઇન લાગેલી છે... જાહેરાત - ક્વિકીમાં કુટુંબ નિયોજન, ગુજરાત માસિક, કુંવરબાઇનું મામેરું, પ્રૌઢ શિક્ષણ વગેરેમાં દેખાય છે... હસમુખ મેકવાનની નાટ્ય કારકિર્દી અત્યંત ઉજ્જવળ છે અને એમાં આપણાં શહેરના લોકલાડીયા નાટ્ય કલાકાર પ્રકાશ લાલાનો બહુ મોટો ફાળો છે... હસમુખ મેકવાને લાલા કાકા સાથે 'પત્તાની જોડ' અને 'ઉપલો માળ ખાલી છે.' નાટક અને ટીવી સીરીયલ 'જો થઈ છે' માં સાથે કામ કર્યું છે...

ગાંધીનગર સિનીયર સિટીઝન કાઉન્સિલે હસમુખભાઇનાં ૬૦મા જન્મ દિવસ અને નાટકના ૬૦મા શૉના અવસરને ઉજવીને નાટક અને કલાકાર બંનેને પોંખ્યા... સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી અને મધુસૂદન ગાંધી દ્વારા એમને પુષ્પગુચ્છ અને શાલથી સન્માનવામાં આવ્યાં... આજના દિવસે ગાંધીનગર જ 'હળવાશની ક્ષણો'ના ચિત્રસેન શાહનો જન્મદિવસ હતો એમને પણ શુભેચ્છા અપાઈ... સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન હરેશ ભટ્ટે કર્યું...

હસમુખ મેકવાનની સંપૂર્ણ કલાયાત્રાની સુંદર વીડિયો ક્લિપીંગ 'જીના યહાં મરનાં યહાં' ને પ્રોજેક્ટર દ્વારા દર્શાવાઈ જેનું આયોજન એમના પુત્ર નિરવે કર્યું હતું... આ વીડિયો ક્લિપીંગ જોયા બાદ અહેસાસ થાય છે કલાકારે પુષ્કળ મહત્ત્વનું કલાક્ષેત્રે યોગદાન આપેલું છે... નાટ્યકલા, રંગભૂમિક્ષેત્રે એમના યોગદાન બદલ એમનું અનેકવાર સન્માન થયું છે... ધર્મગુરુ બનીને સંસારમાં પ્રેમનો સંદેશો આપવાની ઈચ્છા ધરાવતા હસમુખ મેકવાને સ્ટેજ પરથી ઘણાં સંદેશા સમાજમાં ફેલાવ્યાં છે... 'મા બાપને ભૂલશો નહી' મનોરંજન સાથે માર્વેલસ મેસેજ આપતાં નાટકનો ૬૦મો શો અને કલાકાર હસમુખ મેકવાનનો ૬૦મો જન્મદિવસનો ઉત્સવ એક અદ્દ્ભૂત સંયોજન બન્યું, નાટક અને કલાકારોને એથી વિશેષ જોઈએ પણ શું?

# શ્રી એટલે લક્ષ્મી, શોભા, રૂપ, કાંતિ, સૌંદર્ય આ ગુણ કુદરતી રીતે જ સ્ત્રીઓમાં હોય છે, આ થકી જ ગૃહસ્થાશ્રમ ઉજજવળ બને છે

## લાગણીનો મેળો

- રસિક આર. વાળંદ 'નિર્ઝર'

નારી તું નારાયણી,અસ્મિતા ભૂલીને તારી,
બનતી ના નિમાણી!જન્મદાત્રી તું વીર તણી છો,
પણછ શૌર્યના વીર તણી છો;તું શક્તિ છો; તું ભક્તિ છો,
સ્નેહની તું સરવાણી! તું રાતી બંબોળ ભવાની,
તું મૃદુ મંઝિલ છો કરુણાની;તું કાલિકા, તું અંબિકા,
તું ઝાંસીની રાણી

હમણાં ગયા મહીને આઠમી માર્ચે વિશ્વ મહિલાદિન ઉજવાયો. જાહેર પ્રચારપ્રસાર માધ્યમો, જાહેર સમારંભોમાં ગાઈવગાડીને મહિલાઓનું ગૌરવગાન કરવામાં આવ્યું.... ડો પરિતોષ માણ્યો ને આવજો આવતી સાલ ઢૂંકડી...!!!

વર્ષભર અનેક નિમિત્તે ઉજવાતા આવા વિવિધ દિવસો માત્ર કર્મકાંડ બની ઠરી જતા જોવા મળે છે... આવી (કહેવાતી!) ઉજવણીઓની ફલશ્રુતિ શું? જરા વિચારવું રહ્યુ...

આજે સ્ત્રીશિક્ષણનો ફેલાવો થયો. સ્ત્રી સમાનતા પુરુષ સમોવડી નો વિચાર વ્યાપક બન્યો... આપણી જૂનવાણી બહેનોને મન આ વાહિયાત વિચાર લાગે તો શિક્ષિત **well educated** સ્ત્રીઓને એક મોટો વાદ સમાયેલો દેખાય છે.

વૈદિક કાળમાં આવો પ્રશ્ન ન હતો કારણ સ્ત્રી કે પુરુષને હલકો ઠરાવવો એ વૈદિકોને માન્ય નથી. સ્ત્રીઓ માટે વૈદીકોની ધારણા છે... પતિપત્નીએ કઠોળ ધાન્યના બે ફાડિયાં જેવા છે. અંગ્રેજીમાં પત્નીને **better half** કહીને તેને શ્રેષ્ઠ ઠરાવવાનો પ્રયત્ન છે. પ...ણ આપણે ત્યાં તો સ્ત્રીને અર્ધાંગના ગણવામાં આવી છે.

જેમ બે પાંખો વિના તાળી પડી શકે નહિ અને જેમ નેગેટીવ તથા પોઝીટીવ તાર સાથે વિધુત ઝળહળી ન શકે. એટલું જ નહિ પણ જયાં સુધી એક અંગ સારું હોય ને બીજું અંગ નબળું હોય ત્યાં સુધી તો અર્ધાંગવાયુના જેવી જ સ્થિતિ સમજવી અને તે અર્ધાંગવાયુ થી જેનું અર્ધું અંગ જ કડાઈ ગયું હોય તેના કેવા બૂરા હાલ હોય એ કાંઈ કોઈથી અજાણ્યું નથી. સ્ત્રી પુરુષની આવી અભિન્નતાથી જ સંસાર મહેંકી ઉઠે છે...

પોતાની જાતને અત્યાધુનિક ગણાવતા સૌ એ વેદકાલીન ભારતને સમજવું પડશે...

ખેર, આજે ભારતીય નારીના સંદર્ભે શ્રીમદ ભગવદ્ગીતા વિચારોનું ચિંતન કરીએ.

એ વિચાર કરો કે જે ગુણોમાં પરમાત્મા પોતે રહેલા હોય તે ગુણો કેટલા બધા ઉત્તમ હોવા જોઈએ અને તે ગુણો જેનામાં હોય તે કેવાં ભાગ્યશાળી હોય અને તેની મહત્તા કેટલી બધી હોય! આમાંનો એક જ ગુણ જો સારી રીતે હોય તો પણ વંદનીય અને પૂજનીય બને તો આવા એક સાથે સાતે ગુણનું મેઘધનુષ્ય રચાય તો સંસાર કેવો દિવ્ય મનોહર બની શકે તેની કલ્પના જ કરવી રહી... પણ અફસોસ કે આ બધું આપણે સમજતા નથી તેથી જ આપણા ઘરમાં ઈશ્વરનું સૌન્દર્ય, ઐશ્વર્ય, પ્રેમ, જ્ઞાન, આનંદ અને ઈશ્વરની કૃપા આપેલી છે છતાં એ નારીરત્નની કિંમત આંકી શક્યા નથી. લટું એમને ઠોકર મારીએ છીએ, ક્યાંક અપમાન, કે કઠોરતાથી વર્તવામાં આવે છે. આવા મહાન ગુણો નારી નરકની ખાણ સમજનારા લોકો દબાવી દે પછી સુફળ ક્યાંથી પ્રાપ્તજ્ઞથાય?!!! પ્રાચીન ઋષિઓએ કહેલું છે કે, જયાં સ્ત્રીઓનું સન્માન થાય છે ત્યાં જ દેવતાઓ રમ્યા કરે છે, આપણે ત્યાં એક સમયે ધોકે જારબાજરી ને ધોકે નાર પાંસરી ના વિચારો ઘૂસી ગયા હતા...સમાજનું વાતાવરણ એવું બને કે જેથી સ્ત્રીઓને મળેલા એમના નૈસર્ગિક ગુણો સ્વાભાવિક બને એમા જ સ્ત્રીઓનું સ્ત્રીપણું છે. એ ગુણોને પ્રેમથી અને ખુબીથી ખીલવવા રહ્યાં....

● સ્ત્રીઓમાં રહેલો પહેલો ગુણ.... કીર્તિ

આપણે જોઈએ છીએ કે, સૌથી પહેલો ગુણ જે કીર્તિ છે તે કુદરતી રીતે જ સ્ત્રીઓમાં રહેલો હોય છે. તે ઘરની રાણી છે. માટે જો તે ભલાઈ રાખે તો તેની કીર્તિ બહુ જલદી ફેલાઈ જાય. કારણકે રાજય ચલાવનારી સ્ત્ત્રીઓના બહુ વખાણ થાય છે. પતિવ્રતા સ્ત્રીઓના બહુ વખાણ થાય છે. બહાદુર સ્ત્રીઓના બહુ વખાણ થાય છે. સારી રીતે પોતાના સંતાનોને કેળવનારી સ્ત્રીઓના બહુ વખાણ થાય છે. સારી રીતે ઘર ચલાવનારી સ્ત્રીઓના બહુ વખાણ થાય છે. આમ દરેક ચીજમાં સાધારણ બાબતોમાં પણ સ્ત્રી પ્રશંસાપાત્ર બને છે. પણ જે નાના કામો માટે સ્ત્રીના વખાણ થાય છે તે જ કામો જો પુરુષ કરે તો તેના એટલા બધા વખાણ થાય નહિ. કારણ કે પુરુષોમાં પુરુષાર્થ રહેલો છે માટે પુરુષો તરફથી સૌ વધારે અપેક્ષા રાખે છે અને સ્ત્રીઓમાં નાજુકાઈ છે માટે તેઓના નાના કામોથી પણ લોકો રાજી થઈ જાય છે. તેથી તેઓને બહુ સહેલાઈથી કીર્તિ મળી શકે છે. આ કીર્તિ એ ઈશ્વરીય ગુણ છે. માટે સ્ત્રીઓની કીર્તિ વધે અને સહેલાઇ થી કીર્તિ મેળવી શકે એમ કરવાથી જીવનમાં શાંતિ અને જગતનો લાભ એમાં જ છે.

● સ્ત્રીઓમાં રહેલો બીજો ગુણ કુદરતી સૌદર્ય

શ્રી એ સ્ત્રીઓમાં રહેલો બીજો મહાન ગુણ છે. શ્રી એટલે લક્ષ્મી શોભા, રૂપ, કાંતિ, સૌંદર્ય. આ ગુણ કુદરતી રીતે જ સ્ત્રીઓમાં હોય છે. આ થકી જ ગૃહસ્થાશ્રમ ઉજ્જવળ બને છે. ગૃહિણીને જ ઘર કહેવામાં આવે છે. વળી એટલું જ નહિ સ્ત્રીઓના બંધારણમાંજ નાજુકાઈ હોય છે અને આ નાજુકાઈમાં સૌંદર્ય હોય છે. તેઓના સ્વભાવમાંજ રૂપની ચાહના હોય છે અને તે રૂપાળી દેખાવાની તજવીજ કરે છે. માટે તેમને રૂપ મળે છે. કારણકે કુદરતનો એવો નિયમ છે કે જે સાચા ભાવથી માંગીએ તે મળે છે. અને સ્ત્રીઓ રૂપ માગે છે. માટે તેમને રૂપ મળે છે. વળી સ્ત્રીઓમાં પ્રેમ છે, દીનતા છે, આધિનતા છે અને નાજુકાઈ છે. તેરથી જ તેઓનું સૌંદર્ય વધારે ખીલતું હોય છે. વળી જગતમાં તે દયાની દેવીઓ તરીકે જે કામ કરવાનું છે તેમાં પણ સૌંદર્ય એ તેનું મોટું હથિયાર છે. કારણકે તે ઈશ્વરમાંથી આવેલું છે. માટે સૌંદર્યમા ઈશ્વર છે અને એવું કુદરતી સૌંદર્ય સ્ત્રીઓને સહજ થયું હોય છે. માટે સ્ત્રીઓને માં આપવું જોઈએ અને તેમના આ સૌંદર્ય મારફત મહાન ઈશ્વરનો મહિમા સમજવો જોઈએ.

● સ્ત્રીઓમાં રહેલો ત્રીજો ગુણ વાણીની ચતુરાઈ

સ્ત્રીઓમાં રહેલો ત્રીજો મહાન ગુણ વાણીની ચતુરાઈ છે. વાણી પણ પ્રતિષ્ઠા બક્ષે છે. સ્ત્રીઓને પ્રસંગોપાત જેવું હસતા આવડે છે, જેવા વચનો કહેતા આવડે છે, હાજર જવાબ દેતા આવડે છે, સારા માઠા પ્રસંગને અનુરૂપ બોલતા આવડે છે અને વાણીની મીઠાશથી અન્ય પર હકુમતકે આધિપત્ય જમાવતા આવડે છે તેવું પુરુષોને આવડતું નથી આમ સ્ત્રીઓની વાણીમાં કુદરતી મીઠાશ ભરેલી હોય છે. અને આ આકર્ષણને લીધે પુરુષો હંમેશ ખેંચાયેલા જ રહે છે. કેટલીકવાર સ્ત્રીઓની વાણીમાં બોલવામાં કશું તથ્ય જ ન હોય છતાં તેમનું બોલવું મીઠું લાગ્યા કરે છે. કારણકે ઝીણું ઝીણું, મીઠું મીઠું, ધીમું ધીમું અને લાગણીવાળું બોલતા તેઓને આવડે છે. અરે વાણીની આવી મીઠાશથી જગતનું કલ્યાણ સાધી શકે છે. ધારો કે કોઈ દયાળુ ભલી માતા હૈયાની લાગણી થી માત્ર એટલું જ કહે કે 'ફિકર નહિ ભાઈ! આપણે ગરીબાઈ થી ચલાવી લઈશું, પણ તું તારો અભ્યાસ પૂરો કર; 'રો મા બાપુ! એમ કહી ને પોતાના સાડીના પાલવથી કોઈના અનસુ લૂછે, તેની અસર તમે કોઈ દિવસ જોઈ છે? માત્ર આટલા થોડા શબ્દોથી પણ સમા વ્યક્તિમાં કેવું નવું જીવન આવી જાય છે! આવું વાણીનું બળ કુદરતે સ્ત્રીઓમાં મૂક્યું છે અને તેનું કારણ એ જ છે કે ઈશ્વરનું બીજું નામ શબ્દબ્રહ્મ કહેવાય છે. જગતની ઉત્પત્તિ માટે શા સ્ત્રોમાં કહેવાયું છે કે પ્રથમ ઈશ્વર એ શબ્દ એટલે કે વાણી ઉત્પન્ન થઈ અને તે શબ્દમાંથી આ બધું બ્રહ્માંડ ઉત્પન્ન થયું આટલું બધું બળ વાણીમાં છે માટે વાણીમાં ઈશ્વર રહેલો છે. અને એવી બળવાન વાણી અન્યમાં ચૈતન્ય જગાવી શકે એવી પરમાત્માએ સ્ત્રીઓમાં મૂકેલી છે. સ્ત્રીઓએ આવી ભલી કલ્યાણકારી વાણીથી જગતના દુઃખો દૂર કરી શકવા સામર્થ્યવાન છે માટે સ્ત્રીઓને આદર માન આપીએ અને તેઓ ઉન્નતિના માર્ગે આગળ વધે એવું ઈચ્છીએ...

**(અપૂર્ણ)**

**સ્પર્શમણિ -**

પૂ. પાંડુરંગ શા સ્ત્રીએ સ્ત્રી શક્તિને જાગૃત કરીને સુંદર કામ કર્યું છે. તેમણે સ્ત્રીને અબળા ન રાખતા મહિલા બનાવી. તેઓ મહિલા શબ્દને યથાર્થ રીતે ફોડીને સમજાવે છે.

'મ એટલે મહાન કામ કરનારી, મહાન વિચાર કરનારી, મહાન થવાની પ્રેરણા લેનારી, બીજાને તેવા થવાની પ્રેરણા આપનારી.


'હિ એટલે હિતકત્રી પોતાનું, પોતાના પતિનું, પરિવારનું, સમાજનું, રાષ્ટ્રનું અને સંસ્કૃતિનું હિત કરનારી

'લા એટલે લાજવંતી, સ્ત્રીને શરમ છે અનીતિની, દુરાચારની, નિષ્ક્રિયતાની, હરામનું લેવાની, અધર્મની સાંસ્કુતિક અને માનવમુલ્યોના હ્રાસની...તેને લાગવું જોઈએકે સંસ્કૃતિક સાધનો એકાદશી, ધર્મ, મંદિર બધાનું મારા હોવા છતાં આવું અધઃપતન! તેની તેને શરમ આવે છે. અને સ્ત્રી તેના રોજીંદા વ્યવહારમાં તેના આચરણમાં આ વાતોની કાળજી રાખે જાગરૂકતા રાખે તો તે મહિલા બની શકે છે.

# રાઈટ ટુ એજયુકેશન એકટ મુજબ ગરીબ બાળકો માટે ખાનગી શાળાઓમાં અનામત બેઠક ફરજીયાત

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



રાજયભરની ખાનગી અને નામાંકિત શાળાઓ ગરીબ બાળકોને પ્રવેશ આપતી ન હતી દરેકને શિક્ષણ મેળવવાનો મૂળભૂત અધિકાર રહેલો છે. તે ગરીબ હોય કો તંવગર આ માટે સુપ્રિમ કોર્ટે કરેલ અનામત બેઠકોમાં ખાનગી શાળાઓ પ્રવેશ આપતી ન હતી અને આ બેઠકો ઉપર મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ આપી ગરીબ બાળકોને અન્યાય કરતા હતા. હવે શાળાઓ આ કાયદાનું અમલ નહિ કરે તો કાયદાકિય પગલા ભરવામાં આવશે. રાજયભરની શાળાઓમાં સુપ્રિમ કોર્ટના આદેશ બાદ પણ આરટીઈ હેઠળ બેઠકો ભરવામાં આવતી ન હતી. આ બાબતની જાહેર હિતની અરજીમાં કેટલીક શાળાઓએ સોંગદનામા રજુ કરેલ અને શાળામાં ગરીબ બાળકોની કેટલી સીટો ભરેલ છે તે અંગે વિગતવાર અહેવાલ રજુ કરેલ સરકાર દ્વારા હાઈકોર્ટને જણાવેલ કે ૫૦૦૦ જેટલી અરજી સામે ૩૫૦૦ જેટલા બાળકોને જુદી જુદી શાળાઓમાં પ્રવેશ આપેલ છે. કેન્દ્રીય શિક્ષણ બોર્ડની શાળાઓમાં પણ પ્રવેશ માટે ગરીબ બાળકોની ૪૭ જેટલી અરજીઓ આવેલ તે તમામને રાઈટ ટુ એજયુકેશન એકટ મુજબ પ્રવેશ આપવામાં આવેલ છે.

જે શાળાઓ આરટીઈ મુજબ શાળામાં પ્રવેશ ના આપેલ હોય તેની સામે હાઈકોર્ટે કડક પગલા ભરવાનું જણાવતા અને રાજય સરકારને આ બાબતે શાળાઓ ઉપર નિયંત્રણ રાખી અહેવાલ રજુ કરવા જણાવતા જણાવેલ કે ગરીબ વિદ્યાર્થીઓની જવાબદારી સ્વીકારવી તે સામાજીક જવાબદારી છે. સમાજવાદની ભાવનાનો અમલ કરવો એ નૈતિક જવાબદારી છે તેમાં શાળાઓ પોતાનો સ્વાર્થ ના સાધી શકે અને સામાજીક, નૈતિક જવાબદારીમાંથી છટકી શકે નહિ તે જોવાની જવાબદારી રાજય સરકારની છે. કાયદાનો કડક રીતે અમલ થવો જોઈએ. ૫૦૦૦ અરજીમાં માત્ર ૩૫૦૦ બાળકોને પ્રવેશ આપી બાકીની બેઠકો જનરલ ના કરી શકાય શાળાઓએ ફરી જાહેરાત આપી અરજીઓ સ્વીકારી આવા બાળકોને પ્રવેશ આપવો જોઈએ. ૨૫ ટકા બેઠકોમાં નીચલા વર્ગના ગરીબ બાળકોને જ પ્રવેશ મળવો જોઈએ જે તેમનો અધિકાર છે. આવી તમામ કાર્યવાહીઓ પૂર્ણ થયા બાદ પણ જો આવી બેઠકો ખાલી રહે તો તેવા સંજોગોમાં શાળાઓએ હાઈકોર્ટની મંજુરી મેળવવી ફરજીયાત છે ત્યારબાદ જ આવી ખાલી પડેલ બેઠકો ઉપર જનરલ વિદ્યાર્થીને પ્રવેશ આપી શકેશે. જો આ હુકમનું પાલન ન થાય તો શાળાઓ સામે કાયદાકિય પગલા ભરવામાં આવશે તેનો સામનો કરવા સંચાલકોએ તૈયાર રહેવું પડશે.

કેન્દ્રીય શિક્ષણ બોર્ડની શાળામાં ૧લી એપ્રિલથી પ્રવેશ પ્રક્રિયા ચાલુ થતી હોય ખાલી પડેલ જગ્યાઓ ઉપર અન્યને પ્રવેશ આપવા મંજુરી આપવી જોઈએ પાછળથી પ્રવેશ આપવામાં આવે તો શિક્ષણ કાર્ય અડધું થઈ ગયેલ હશે. તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત રહી જશે અને પરિણામ ઉપર અસર પડશે પરંતુ હાઈકોર્ટે આ દલીલ ગ્રાહ્યના રાખી તમામ ખાનગી શાળાઓને ૨૫ ટકા ખાલી બેઠકો ઉપર ફરીથી જાહેરાત આપી ગરીબ વિદ્યાર્થીઓનેજ પ્રથમ પ્રવેશ આપવાનું જણાવેલ અને રાજય સરકારને આ નિયમનું ફરજીયાતપણે પાલન કરવાની જવાબદારી સોંપેલ. સમાજના દરેક વર્ગના વિદ્યાર્થીને સમાન શિક્ષણ આપવું એ સમાજની નૈતિક જવાબદારી છે. રાઈટ ટુ એજયુકેશન એકટ સમાજના પછાત અને નીચલા વર્ગના બાળકોના શૈક્ષણિક સ્તરને સુધારવા માટે જ બનાવેલ છે તેનો કડકપણે અને નૈતિકતાથી અમલ કરવાની સૌની જવાબદારી છે. સામાજીક, નૈતિક જવાબદારીમાંથી કોઈપણ વ્યકિત છટકી શકે નહી. શિક્ષણનું વેપારીકરણ ના થવું જોઈએ. સૌને સમાન સ્તરે શિક્ષણ આપવાની રાજય સરકારની ફરજ છે. કાયદાની છટકબારીમાંથી આવી જવાબદારીમાંથી છટકી જતા શાળા સંચાલકો સામે સખ્તાઈથી કાયદાકીય પગલા ભરવા જોઈએ. હાઈકોર્ટ આદેશના કરે ત્યાં સુધી આવી ૨૫ ટકા બેઠકો ખાલી રાખવી જોઈએ. હાઈકોર્ટના આ ચુકાદથી ગરીબ બાળકોને ખાનગી શાળામાં ભણવાનું સ્વપ્ન સાકાર થશે.